# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૩૨ તા.૨૯-૧૨-૧૬**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :– ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં ફાળવવામાં આવેલ કોમ્પ્યુટર લેબ બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે, સર્વ શિક્ષા અભિયાન ની સ્ટેટ પ્રોજેકટ કચેરી,ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૧–૧૨ માં અમદાવાદ મ્યુ.સ્કુલબોર્ડ હસ્તક ની કુલ ૨૭૩ ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ આપવામાં આવેલ છે.આ કોમ્પ્યુટર લેબ ના ભાવપત્રક(ટેન્ડર)ની પ્રોસેસ, ઇન્સ્ટોલેશન પ્રોસેસ તથા કોમ્પ્યુટર લેબ મેઇન્ટેનેસ કોન્ટ્રાકટ ની પ્રોસેસ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાન કચેરી ,ગાંધીનગર ધ્વારા એચ.સી.એલ કંપની ને વર્ષ ૨૦૧૧–૧૨ થી વર્ષ ૨૦૧૫–૧૬ સુધી પાંચ વર્ષ માટે ફાળવવામાં આવેલ છે. એચ.સી.એલ કંપની તરફથી કોમ્પ્યુટર મેઇન્ટેનશ માટે છ શાળાઓ દીઠ એક સ્કુલ કો.ઓ.ને ફાળવવામાં આવેલ છે. જે કોમ્પ્યુટર લેબ ના રીપેરીગ અંગે કંપની માં ફરીયાદ નોંધવાનુ તથા શિક્ષકો ને તાલીમ આપવાનુ કાર્ય કરે છે.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન ની કચેરી, ગાંધીનગર ધ્વારા એચ.સી.એલ કંપની ને પાંચ વર્ષ માટે ફાળવવામાં આવેલ મેઇન્ટેનેસ કોન્ટ્રાકટ ડીસેમ્બર ૨૦૧૬ માં પુર્ણ થાય છે.

હાલ એચ.સી.એલ કંપની ધ્વારા કોમ્પ્યુટર લેબ શાળાને હેન્ડઓવર કરવાની પ્રોસેસ શાળાકક્ષાએ કાર્યરત છે. એચ.સી.એલ કંપની ધ્વારા શાળાના આચાર્ય ને હેન્ડઓવર કર્યાબાદ પ્રમાણપત્ર આપવાનુ રહેશે જેમા નીચે મુજબ ની તમામ સાધન સામગ્રી ની તેના સીરીયલ નંબર સાથે જાતે ચકાસણી કરી, ચાલુ હાલતમાં કે બંધહાલતમાં રીપોર્ટમાં દર્શાવવાનુ રેહશે. કોમ્પ્યુટર લેબની કોઇપણ સાધન સામગ્રી એચ.સી.એલ કંપનીમાં રીપેરીગ અર્થે લઈ ગયેલ હોય તો પરત શાળા માં મેળવી લેવાની રેહશે. જો કોઈપણ સાધન સામગ્રી બંધ હાલતમાં હશે અને શાળાના આચાર્ય ધ્વારા ચાલુ હાલતમાં દર્શાવેલ હશે તો એની સંર્પુણ જવાબદારી શાળાના આચાર્યશ્રી ની રહેશે.

શાળાના આચાર્યશ્રી એ શાળા ને ફાળવવામાં આવેલ કોમ્પ્યુટર લેબમાં ફાળવવામાં આવેલ કોમ્પ્યુટર લેબની તમામ સાધન સામગ્રી તેના સીરીયલ નંબર સાથે શાળાના ડેડસ્ટોક રજીસ્ટાર માં નોધવાની રહેશે.

**શાળાકક્ષાએ ફાળવવામાં આવેલ કોમ્પ્યુટર લેબની સાધન સામગ્રી.**

- ૪૦–૪૨.એલ.સી.ડી. નંગ –૧,
- એલ.સી.ડી.મોનીટર નંગ –૧૧,
- સીપીયુ નંગ –૬,
- સ્ટેબીલાઈઝર નંગ –૬,
- કોમ્પ્યુટર ટેબલ નંગ –૧૨,
- ખુરશી નંગ –૨૦,
- બાયસેગ સેટઅપ બોક્ષ નંગ –૧,
- કેયુબેન્ડ ડીશ એન્ટેના નંગ –૧,
- ૧૬ પોર્ટ નેટવર્કીગ સ્વિચ નંગ –૧,
- સ્પિકર નંગ –૫ નંગ,
- કીબોર્ડ,માઉસ નંગ –૧૧,
- એપશન–૮૦ પીન ડોટમેટ્રીકસ પ્રિન્ટર નંગ –૧,
- ડસ્ટ કવર નંગ –૧૧

તા.૨૯-૧૨-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી